### રૂા. ૧૬ લાખના ખર્ચની વિગતો અપાતી નથી

# કર્મયોગી તાલીમ શિબિરોના ખર્ચનો અપાતો ઉચ્ચક હિસાબ

૧૭/૭/૦૮ ગુ.સ.

(પ્રતિનિધિદ્વારા) વડોદરા, ગુરૂવાર

વહીવટમાં પારદર્શકતા આણવાના તથા ભ્રષ્ટાચાર અટકાવવાના શુધ્ધ હેતુથી ઘડાયેલા રાઈટ ટુ ઈન્ફરમેશન કાયદાને શિક્ષણ ખાતું, તેની કચેરીઓ અને ખાસ તો શાળાઓ પણ ઘોળીને પી ગયાં હોવાની ફરિયાદ જૂની થઈ ગઈ છે પણ તેના નવા નવા ઉદાહરણો સતત નોંધાતા જાય છે.

## આરટીઆઈ એક્ટ હેઠળ માહિતી આપવામાં જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીના અખાડા

તાજેતરમાં વડોદરાની જિલ્લા શિક્ષણાધિકારી કચેરી પાસે જિલ્લામાં ગત મે જૂન દરમિયાન ૨૩ સ્થળોએ યોજાયેલી કર્મયોગી તાલીમ શિબિરોના ખર્ચ વગેરેની માહિતી આરટીઆઈ એક્ટ હેઠળ માગણી કરવામાં આવી હતી. તેમનું કહેવું છે કે શિબિરો માટે કુલ રૂા. ૨૬.૧૮ લાખ ફાળવવામાં આવ્યા હતા. જે સામે રૂા. ૧૬.૧૮ લાખ ખર્ચો થયો છે. કચેરીનું કહેવું છે કે આ બધો ખર્ચો ઉચ્ચક જ કર્યો છે. કચેરીએ ન તો ખર્ચના બિલ-વાઉચરની નકલો આપી કે ન તો કચેરી પર આવીને જોઈ જવાની અરજદારને ઓફર કરી છે.

તાલીમ શિબિરોમાં શાળાઓએ આવેલા રેકર્ડમાં પાછા ખર્ચના આંકડા અલગ અલગ જોવા મળે છે. હવે બેમાંથી કોણ સાચું તે નક્કી કેવી રીતે કરી શકાય તે પ્રશ્ન છે. વળી તાલીમ શિબિરના જે અહેવાલ ગાંધીનગર મોકલવાના હોય છે તેની કોઈ વિગતો કચેરીએ આપવાની તમામ કરી નથી. આ ઉપરાંત આજ અરજદાર વિપુલભાઈ પટેલે તાજેતરમાં થયેલા આચાર્યોના ઈન્ટરવ્યુ અને બહાલી સુધીની વિગતો પણ આરટીઆઈ એક્ટ હેઠળ માંગી હતી. જેના જવાબમાં શિક્ષણાધિકારીની કચેરીએ તમામ શાળાઓની વિગતો આપવાનું ટાળ્યું હતું.

ઈન્ટરવ્યું સંદર્ભે અરજદારે જિલ્લા રોજગાર વિનિમય કચેરી પાસેથી માહિતી મેળવી હતી. જેની સાથે ડીઈઓ કચેરીની માહિતીનો તાલમેળ ખાતો જણાયો ન હતો. જે ઈન્ટરવ્યું રદ થયા હતા, તે અંગે આરટીઆઈના જવાબમાં કચેરીએ કશું જણાવ્યું ન હોવાનું તેમણે જણાવ્યું હતું. તેમણે કચેરી પાસે ભરતી પ્રક્રીયાની તમામ વિગતો માંગી હતી. જેના સંદર્ભમાં કચેરીએ તેની તમામ વિગતો બોર્ડના સભ્યો અને જે તે સંસ્થાઓ પાસે હોવાનું જણાવાયું હતું.

રોજગાર કચેરીમાંથી ઉમેદવારને સીધી અરજી કરવાનો હક્ક છે. પણ આવી સીધી અરજી થાય તો તેના ઈન્ટરવ્યુ કઢાયા છે કે કેમ તેની કોઈ ચકાસણી ઈન્ટરવ્યુ પ્રક્રિયા દરમિયાન કચેરીએ કરી ન હતી. જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી માત્ર વહાલીનું જ કામ કરે છે કે ક્રોસ ચેકીંગ કરે છે, તેનો કોઈ જવાબ પાઠવવામાં આવ્યો ન હોવાનું તેમણે જણાવ્યું હતું. અરજદારે પોતે જે માહિતી જે દ્રષ્ટિબિંદુથી માંગી છે તે રીતે સંતોષજનક રીતે ન મળતાં તેમને બન્ને કિસ્સામાં અપાયેલી માહિતીની વિગતો ખોટી અને અધુરી લાગે છે. આ અંગે તેઓ અગાવ અપીલ કરવાની તજવીજ હાથધરી છે. બીજી તરફ, આરટીઆઈ એક્ટ અનુસાર અરજદાર સાથે પત્ર વ્યવહાર થઈ શકતો હોય કે તેનો રૂબરૂ સંપર્ક થઈ શકતો હોય તો અરજદારના અન્ય ઓળખ-પ્રરાવાની જરૂર નથી આમ છતાં આ કિસ્સામાં ડીઈઓએ અરજદારના ટ્રસ્ટના તમામ કાનુની દસ્તાવેજો તત્કાળ સાદા પત્રથી મગાવ્યા છે.